Extra No. 187

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] SATURDAY, MAY 31, 2025 / JYAISTHA 10, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**ના તારીખઃ **૩જી માર્ચ, ૨૦૨૫**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએસ/૨૦૨૫/૪/બીઆરટી/૧૦૨૦૧૬/૧૦૫૦(૬૫૪૮૨૩)/કે**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Administrative Service, Class 1, the Gujarat Civil Service (Class I and Class II) and Gujarat State Municipal Chief Officers' Service (Combined Competitive Examination) Rules, 2025

ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧, ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) અને ગુજરાત રાજ્ય નગરપાલિકાના મુખ્ય અધિકારીની સેવા (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ/૨૦૨૫/૪/બીઆરટી/૧૦૨૦૧૬/૧૦૫૦(૬૫૪૮૨૩)/કેઃ- ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે અગાઉ કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેના નિયમો કરે છેઃ-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત.- (૧) આ નિયમો ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧, ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) અને ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગા પર નિમણૂકને પાત્ર હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો -

(ક) "આયોગ" એટલે ગુજરાત જાહેર સેવા આયોગ;

(ખ) "પરીક્ષા" એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ પર ભરતી માટેની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અને તેમાં નિયમ ૪માં ઉલ્લેખેલ પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષાનો સમાવેશ થાય છે;

(ગ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ઘ) "ઠરાવેલું" એટલે આયોગે કરેલા વિનિયમોથી ઠરાવેલું;

(ચ) "અનુસૂચિ" એટલે આ નિયમોને જોડેલી અનુસૂચિ;

(છ) "અનુસૂચિત જગાઓ" એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ.

૩. પરીક્ષા યોજવા બાબત.- આયોગ, સરકાર તરફથી માંગણીપત્રક મળ્યે, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ પર ભરતી માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજશે.

૪. પરીક્ષાનો પ્રકાર.- (૧) પરીક્ષા લાગલગાટ બે તબક્કામાં લેવામાં આવશેઃ-

(૧) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી માટે (હેતુલક્ષી પ્રકારની) પ્રારંભિક પરીક્ષા; અને

(૨) અનુસૂચિત જગાઓ માટે ઉમેદવારોની આખરી પસંદગી માટે મુખ્ય પરીક્ષા (લેખિત અને વ્યક્તિત્વ કસોટી)

(૨) પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા, અનુસૂચિ ૨-માં નિર્દિષ્ટ કરેલી રીતે લેવામાં આવશે.

૫. અભ્યાસક્રમ.- આયોગ, દરેક પ્રશ્નપત્ર માટેના અભ્યાસક્રમની વિગતો નક્કી કરશે અને આવો અભ્યાસક્રમ, આયોગ દ્વારા તેની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

૬. પરીક્ષાનું માધ્યમ.- (૧) અનુસૂચિ ૨ હેઠળના વિભાગ ૨ અને વિભાગ ૩ની પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

(૨) અનુસૂચિ ૨ હેઠળના વિભાગ ૩ના પેપર ૧ની પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે અને અનુસૂચિ ૨ હેઠળના વિભાગ ૩ના પેપર ૨-ની પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.

૭. પરીક્ષાનું સ્થળ.- (૧) આયોગ, કઈ તારીખે અને કયા સ્થળે, પ્રારંભિક અને મુખ્ય પરીક્ષા (લેખિત) યોજવી, તે નક્કી કરશે.

(૨) વ્યક્તિત્વ કસોટી, ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

(૩) ઉમેદવારોએ, પ્રારંભિક પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટી સહિતની મુખ્ય પરીક્ષામાં, આયોગ દ્વારા જાહેર કરવામાં આવે તે તારીખે, સમયે અને સ્થળે, તેમના પોતાના ખર્ચે હાજર રહેવું પડશે.

૮. પરીક્ષા માટેની અરજી.-(૧) પ્રારંભિક પરીક્ષામાં બેસવા ઇચ્છતા ઉમેદવારે, આયોગ ઠરાવે તેવા નમૂનામાં, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરવી જોઇશે.

(૨) આયોગે, મુખ્ય પરીક્ષામાં બેસવા માટે હંગામી ધોરણે લાયક હોવાનું જાહેર કરેલા ઉમેદવારોએ, આયોગ ઠરાવે તેવા નમૂનામાં, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી ફી સાથે ફરીથી અરજી કરવી જોઇશે.

(૩) ફી, આયોગ ઠરાવે તેવી રીતે ભરવી જોઇશે અને એક વખત ફી ભર્યા પછી પરત આપવામાં આવશે નહિ અથવા ત્યાર પછીની પરીક્ષા માટે ગણવામાં આવશે નહિ.

(૪) ઉમેદવારે કરેલી અરજી પાછી ખેંચવાની વિનંતી, કોઇપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૯. પસંદગીનો અગ્રતાક્રમ.-(૧) ઉમેદવારે, વ્યક્તિત્વ કસોટી વખતે, તે જે જગા ઉપરની નિમણૂક માટે વિચારણામાં લેવાવા ઇચ્છતા હોય તેનો પસંદગીનો અગ્રતાક્રમ, આયોગ ઠરાવે તેવી રીતે જણાવવો જોઇશે:

પરંતુ ઉમેદવારે, એક વખત આપેલો અગ્રતાક્રમ આખરી ગણાશે અને પસંદગીમાં સુધારા, વધારા, ફેરફાર અથવા તે બદલવા અંગેની કોઇ વિનંતી આયોગ અથવા સરકાર ધ્યાન પર લેશે નહિ.

(૨) (ક) ઉમેદવારે જણાવેલી જગાઓ માટેના અગ્રતાક્રમથી, તે જગાઓ ઉપર નિમણૂકનો કોઇ હક મળતો નથી. ગુણવત્તાક્રમમાં દરજ્જા અને ઉપલબ્ધ જગાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે આપેલ અગ્રતાક્રમને તેની નિમણૂક વખતે સરકાર વિચારણામાં લેશે.

(ખ) જ્યારે ઉમેદવારે કોઇપણ જગા માટે અગ્રતાક્રમ આપેલ ન હોય અથવા ઉમેદવારે ફક્ત થોડીક જ જગાઓ માટે અગ્રતાક્રમ આપેલ હોય અને જેને માટે અગ્રતાક્રમ આપેલ હોય તેટલી સંખ્યાની જગાઓ, ઉમેદવારને તેના અગ્રતાક્રમ પ્રમાણે સમાવી લેવા ઉપલભ્ય ન હોય, ત્યારે જે જગાઓ માટે જાહેરાત આપવામાં આવી હોય તેના માટે તેણે જેના માટે પસંદગી આપી ન હોય, તેવી કોઇપણ જગા તેને ફાળવવામાં આવશે નહીં અને આવા તમામ ઉમેદવારોને અસફળ ઉમેદવારો ગણવામાં આવશે.

સરકારને નિમણૂક માટે ભલામણ કરવાના ઉમેદવારોની યાદીમાં આવા તમામ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવશે નહીં અને તેમને નિમણૂક માટેનો કોઇ હક મળશે નહિ.

(૩) ચોક્કસ જગા પર ઉમેદવારની નિમણૂક, તે જગાના સંબંધમાં અમલમાં હોય તેવા ભરતી નિયમોની જોગવાઇઓને અધીન રહેશે.

(૪) ઉમેદવાર, તેને ફાળવેલ જગા પર નિયત સમયમાં ન જોડાય તો, નિમણૂક માટે આયોગે ભલામણ કરેલ ઉમેદવારોની યાદીમાંથી તેનું નામ કમી કરવામાં આવશે.

(૫) ઉમેદવારને ચોક્કસ જગા પર નીમવામાં આવ્યો હોય, ત્યારે બીજી જગા પર નિમણૂક બદલવાની કોઇ વિનંતી સરકાર ધ્યાનમાં લેશે નહિ.

૧૦. યોગ્યતા માટેની શરત. - (૧) ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણાશે નહિ સિવાય કે તે,-

(ક) ભારતનો નાગરિક, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા

(ઘ) પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, પૂર્વ આફ્રિકાના કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયાના સંયુક્ત પ્રજાસત્તાક, ઝામ્બિયા, મલાવી, ઝૈર, ઈથીઓપીયા વગેરે દેશોમાંથી અને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સ્થળાંતર કર્યુ હોય તેવી ભારતીય મૂળની વ્યક્તિ હોય:

પરંતુ ખંડો (ખ), (ગ) અથવા (ઘ)માંની વર્ગના ઉમેદવારે, સરકારે કાઢી આપેલું યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે.

(૨) જેણે યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી હોય તેવા ઉમેદવારને, આયોગ દ્વારા લેવાતી પરીક્ષામાં હંગામી ધોરણે બેસવાની છૂટ આપી શકાશે અને તેને યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવાને અધીન રહીને, હંગામી નિમણૂક પણ આપી શકાશે.

૧૧. એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત:-

(૧) (ક) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યક્તિ સાથે જેણે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કરેલ હોય તેવી કોઈ વ્યક્તિ, અથવા

(ખ) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી કોઈ વ્યક્તિએ, અન્ય વ્યક્તિ સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તેવી કોઈ વ્યક્તિ,

અનુસૂચિત જગાઓ પર નિમણૂકને પાત્ર થશે નહિ:

પરંતુ, તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકારને, એવી ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તે, આ પેટા-નિયમના અમલમાંથી કોઈ વ્યક્તિને મુક્તિ આપી શકશે.

(૨) ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી, પરીણિત છે કે કેમ અને પુરુષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતાં વધુ હયાત પત્ની છે કે કેમ અને સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં જેને બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે, તેણીએ લગ્ન કરેલ છે કે કેમ તે અરજીપત્રમાં જાહેર કરવું પડશે.

૧૨. વય મર્યાદા:- પ્રારંભિક પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર, આયોગે, જાહેરાતમાં જણાવેલ તારીખે ૨૦ વર્ષ કરતાં ઓછી અને ૩૫ વર્ષ કરતાં વધુ ઉમરનો હોવો જોઈશે નહિ.

૧૩. શૈક્ષણિક લાયકાતો:- (૧) અનુસૂચિત જગાઓ માટેના સંબંધિત ભરતી નિયમો હેઠળ, નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાતો અને બીજી જરૂરિયાતો ધરાવતો હોય તેવો ઉમેદવાર પ્રારંભિક પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે:

પરંતું કોઈ ઉમેદવારો પરીક્ષામાં બેઠા હોય, જે પરીક્ષા પાસ કરવાથી તે નિયમ ૩માં જણાવેલી પરીક્ષા માટે શૈક્ષણિક રીતે લાયક થતા હોય, પણ પરિણામ જાહેર થયું ન હોય તેમજ જે ઉમેદવારો આવી લાયકી પરીક્ષામાં બેસવાના હોય તેવા ઉમેદવારો પણ પ્રારંભિક પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે.

(૨) આયોગે, મુખ્ય પરીક્ષામાં બેસવા માટે હંગામી ધોરણે લાયક જાહેર કરેલા હોય તેવા તમામ ઉમેદવારોએ, મુખ્ય પરીક્ષા માટેની પોતાની અરજી સાથે જરૂરી ડિગ્રી (પદવી) પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. જે ઉમેદવાર જરૂરી ડિગ્રી (પદવી) પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ જાય, તે ઉમેદવાર, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર થશે નહિ:

પરંતુ પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલી લાયકાત ઉપરાંત, ઉમેદવાર, સંબંધિત જગાના સંબંધિત ભરતી નિયમોમાં ઠરાવ્યા પ્રમાણેની જરૂરી લાયકાતો ધરાવતો હોવો જોઈશે:

વધુમાં, જે ઉમેદવારો, આયોગ દ્વારા જાહેરાતની લાયકાતની તમામ શરતો પરિપૂર્ણ કરવાને અધીન રહીને, હંગામી ધોરણે લાયક જાહેર કરેલા હોય પરંતુ મુખ્ય પરીક્ષામાં હાજર રહેવામાં નિષ્ફળ જાય અથવા મુખ્ય પરીક્ષાના કોઈ પ્રશ્નપત્રમાં હાજર રહેવામાં નિષ્ફળ જાય તેવા તમામ ઉમેદવારોને, આગળની(વધુ) પસંદગી માટે અયોગ્ય ગણવા જોઈશે

(૩) જે ઉમેદવારે, આખરી વ્યાવસાયિક એમ.બી.બી.એસ અથવા બીજી તબીબી પરીક્ષા પાસ કરી હોય, પણ મુખ્ય પરીક્ષા માટેની તેની અરજી રજૂ કરવાના સમયે તેની ઈન્ટર્નશીપ પૂરી કરી ન હોય અને મુખ્ય પરીક્ષામાં બેસવા માટે આયોગે લાયક જાહેર કર્યો હોય તેને, એવી શરતને અધીન રહીને, મુખ્ય પરીક્ષામાં બેસવાની હંગામી પરવાનગી આપી શકાશે કે આવા ઉમેદવારે, તેની અરજીની સાથે તેણે આખરી વ્યાવસાયિક તબીબી પરીક્ષા પાસ કરી છે તે મતલબનું યુનિવર્સિટીના અથવા સંસ્થાના સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવેલ પ્રમાણપત્રની એક નકલ, રજૂ કરવી જોઈશે. એવા ઉમેદવારે, વ્યક્તિત્વ કસોટી સમયે, અસલ પદવી પ્રમાણપત્ર અથવા તેણે પદવી લેવા માટેની તમામ જરૂરિયાતો (ઈન્ટર્નશિપ પૂરી કર્યા સહિતની) પૂરી કરી છે, તે મતલબનું યુનિવર્સિટીના અથવા સંસ્થાના સંબંધિત સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે.

૧૪. આયોગનો નિર્ણય આખરી ગણાશે:- (૧) આયોગને એવી ખાતરી થાય કે ઉમેદવાર તમામ બાબતોમાં પાત્રતા ધરાવે છે અને તેણે જરૂરી ફીની ચુકવણી સહિતની તમામ જરૂરિયાતોનું પાલન કરેલ છે તે સિવાય, જે ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં હંગામી પ્રવેશ આપવામાં આવ્યો હોય તેવા ઉમેદવારોની આગળની પસંદગી માટે વિચારણા કરવી નહિ.

(૨) આગળની પસંદગી માટે ઉમેદવારની પાત્રતા અંગેનો આયોગનો નિર્ણય આખરી ગણાશે.

૧૫. પરીક્ષાને લગતું નિયંત્રણ:- (૧) ઉમેદવારે, તમામ પ્રશ્નપત્રોના ઉત્તરો, તેના સ્વ-હસ્તાક્ષરમાં આપવાના રહેશે. તેમ છતાં, બેન્ચમાર્ક વિકલાંગતા ધરાવતો ઉમેદવાર લહિયો (Scribe) મેળવવાને પાત્ર હોય તેવા ઉમેદવારોને, આયોગની મંજૂરીને અધીન રહીને, પરીક્ષામાં લહિયા (Scribe)ની મદદથી લખવાની પરવાનગી આપવામાં આવશે.

(૨) (ક) ઉમેદવારને, પરીક્ષા ખંડમાં સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઈ સંદેશાવ્યવહારના મોબાઈલ સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ;

(ખ) ઉમેદવારને, પ્રારંભિક પરીક્ષામાં કેલક્યુલેટર (ગણક યંત્ર)નો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ:

પરંતુ ઉમેદવારને, આયોગ ઠરાવે તેવા વર્ણનાત્મક(રુઢિગત) પ્રકારના પ્રશ્નપત્રમાં સાદી બેટરીથી સંચાલિત નોન-પ્રોગ્રામેબલ પોકેટ કેલક્યુલેટર (ગણક યંત્ર) લાવવાની અને તેનો ઉપયોગ કરવાની પરવાનગી આપી શકાશે. પરંતુ પરીક્ષા ખંડમાં, ઉમેદવારોની વચ્ચે કેલક્યુલેટર (ગણક યંત્ર)નું આદાન-પ્રદાન અથવા સ્થાનફેર કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૬. મુખ્ય પરીક્ષામાં બેસવા બાબત.- પ્રારંભિક પરીક્ષામાં, આયોગ નક્કી કરે તેટલા લઘુત્તમ લાયકી ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારને, હંગામી ધોરણે મુખ્ય પરીક્ષામાં બેસવાની છૂટ આપવામાં આવશે અને મુખ્ય પરીક્ષા (લેખિત)માં આયોગ નક્કી કરે તેટલા લઘુત્તમ લાયકી ગુણ મેળવેલ હોય તે ઉમેદવારને, વ્યક્તિત્વ કસોટીમાં પ્રવેશ માટે અન્યથા પાત્ર છે તેવી શરતને અધીન રહીને, વ્યક્તિત્વ કસોટી માટે તેના (આયોગ) દ્વારા બોલાવવામાં આવશે:

પરંતુ આયોગનો એવો અભિપ્રાય હોય કે અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિઓ સહિત) અથવા આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો માટે, અનામત રાખેલી ખાલી જગાઓ ભરવાના હેતુથી વ્યક્તિત્વ કસોટી માટે, સામાન્ય ધોરણના આધારે આ અનામત વર્ગોના ઉમેદવારોમાંથી પૂરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાનો સંભવ નથી, તો તે, પ્રારંભિક પરીક્ષા તેમજ મુખ્ય પરીક્ષા (લેખિત)માં હળવા ધોરણો લાગુ કરીને, આવા વર્ગોના ઉમેદવારોને વ્યક્તિત્વ કસોટી માટે બોલાવી શકશે.

૧૭. ગુણવત્તા ક્રમની યાદી:- (૧) મુખ્ય પરીક્ષા પછી, આયોગે, મુખ્ય પરીક્ષામાં અનુસૂચિ-૨ હેઠળ વિભાગ-૧માં ઉલ્લેખેલ (પ્રશ્નપત્ર-૩ થી પ્રશ્નપત્ર-૭) ગુણવત્તા માટે ધ્યાનમાં લેવાના પ્રશ્નપત્રોમાં દરેક ઉમેદવારને મળેલા એકંદર આખરી ગુણના આધારે, ગુણવત્તા ક્રમમાં ઉમેદવારોના નામો ગોઠવવા જોઈશે. ત્યારપછી, આયોગ, બિનઅનામત ખાલી જગાઓ સામે ઉમેદવારોની ભલામણ કરવાના હેતુથી, મુખ્ય પરીક્ષાના આધારે ભરવાની બિનઅનામત ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં મુખ્ય પરીક્ષામાં (પ્રશ્નપત્ર-૩ થી પ્રશ્નપત્ર-૭) ગુણવત્તા માટે ધ્યાનમાં લેવાના પ્રશ્નપત્રોમાં લાયકી ગુણ (જેનો આમાં હવે પછી, "સામાન્ય લાયકી ધોરણ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નક્કી કરશે. અનામત રાખેલી ખાલી જગાઓ સામે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિઓ સહિત) અથવા આર્થિક રીતે નબળા વર્ગોના અનામત કક્ષાના ઉમેદવારોની ભલામણ કરવાના હેતુથી, આયોગ, મુખ્ય પરીક્ષાના આધારે આ દરેક વર્ગોમાં ભરવાની અનામત રાખેલી ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં સામાન્ય લાયકી ધોરણ હળવું કરી શકશે:

પરંતુ જેમણે મુખ્ય પરીક્ષામાં યોગ્યતા અથવા પસંદગીના માપદંડમાં કોઈ છૂટછાટો મેળવેલી ન હોય અને જે, સામાન્ય લાયકી ધોરણોને ધ્યાનમાં લીધા પછી, આયોગને ભલામણ માટે યોગ્ય જણાય તેવા અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિઓ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોની, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિઓ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામત રાખેલી ખાલી જગાઓ માટે ભલામણ કરવી નહિ.

(૨) પસંદગીમાં અગ્રતાક્રમોને વિચારણામાં લેતી વખતે, બિનઅનામત ખાલી જગાઓ સામે ભલામણ કરાયેલા હોય તેવા અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી અને વિમુક્ત આદિજાતિઓ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને, આ પ્રક્રિયાથી તેઓ પસંદગીમાં અગ્રતાક્રમ અનુસાર તેમની ઉપલી કક્ષાની પસંદગીની જગા મેળવી શકે તેમ હોય, તો અનામત રાખેલી ખાલી જગાઓ સામે આયોગ દ્વારા ગોઠવી શકાશે.

(૩) આયોગ, આ નિયમની જોગવાઈથી ઊભી થયેલી બિનઅનામત ખાલી જગાઓ સામે નિમણૂક કરવા માટે ઉમેદવારોની કોઈ ઘટ ઊભી ન થાય અને અનામત રાખેલી ખાલી જગાઓ માટે ઉમેદવારોની કોઈ સંખ્યા વધી ન જાય તે બાબતની કાળજી લેવા માટે, સામાન્ય લાયકી ધોરણમાં વધુ ઘટાડો કરી શકશે.

(૪) કોઈ પ્રતીક્ષા યાદી રહેશે નહિ. (જેમને અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જગા ફાળવવામાં આવી હોય તેવા) ઉમેદવારોના કોઈપણ કારણસર સેવામાં ન જોડાવાને લીધે, બાકી રહેલી ખાલી જગાઓ, કોઈ હોય તો, તેને આગામી ભરતી માટે આગળ લઈ જવામાં આવશે.

૧૮. વ્યક્તિત્વ કસોટીમાં ઉપસ્થિત રહેવામાં ચૂક થયેથી અપાત્રતા.- જે ઉમેદવાર વ્યક્તિત્વ કસોટી માટે લાયક ઠરેલ હોય પણ તેમાં ઉપસ્થિત રહેવામાં ચૂક કરે તેવો ઉમેદવાર, પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

૧૯. પરીક્ષાનું પરિણામ.- (૧) અનુસૂચિત જગાઓ પરની નિમણૂક માટે સરકારને જેમના નામની ભલામણ કરવાની હોય તેવા ઉમેદવારોનું પરિણામ, દરેક ઉમેદવારના બેઠક નંબર અને તેમણે મેળવેલા કુલ ગુણ સાથે ઉમેદવારોના ગુણવત્તાક્રમ અનુસાર ગોઠવવું જોઈશે.

(૨) આયોગે, તેના નોટિસ બોર્ડ ઉપર, (નિયમ ૯ના પેટા-નિયમ ૨(ખ)માં જણાવ્યા પ્રમાણે) અસફળ ગણેલા (ડીમ્ડ) ઉમેદવારોના નામો, બેઠક નંબર અને તે દરેક ઉમેદવારોએ મેળવેલા કુલ ગુણ સહિતનું પરિણામ પણ પ્રદર્શિત કરવું જોઈશે.

(૩) આયોગે, તેના નોટિસ બોર્ડ ઉપર, અસફળ ઉમેદવારોના નામો, બેઠક નંબર અને તે દરેક ઉમેદવારોએ મેળવેલા કુલ ગુણ સહિતનું પરિણામ પણ પ્રદર્શિત કરવું જોઈશે.

(૪) આયોગે, ત્યારપછી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાના પરિણામની એક નકલ સરકારને મોકલવી જોઈશે.

૨૦. મુખ્ય પરીક્ષાના ગુણની પુન:ચકાસણી બાબત.- (૧) જે ઉમેદવાર, મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની પુન:ચકાસણી કરાવવા ઈચ્છતો હોય તે ઉમેદવાર, આયોગને, આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, દરેક પ્રશ્નપત્ર માટે આયોગ નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરી શકશે.

(૨) જે ઉમેદવાર, મુખ્ય પરીક્ષા અથવા તેના ભાગનું ગુણપત્રક મેળવવા ઈચ્છતો હોય તે ઉમેદવારે, આયોગને, આખરી પરિણામ જાહેર કર્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, આયોગ નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરવાની રહેશે.

(૩) આખરી પરિણામની સત્તાવાર જાહેરાત પહેલા કોઈપણ સંજોગોમાં મુખ્ય પરીક્ષાના કોઈપણ ભાગના ગુણ જાહેર કરવા જોઈશે નહિ.

૨૧. સરકારને પરિણામ મોકલવા બાબત.- આયોગે, પરિણામની જાહેરાત થયેથી, ઉમેદવારનો વર્ગ, તેની જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાતો, જગા માટેનો અગ્રતાક્રમ અને રાજ્ય સરકાર આદેશ કરે તેવી બીજી અન્ય વિગતો જેવી જરૂરી વિગતો સાથે નિમણૂક માટે ભલામણ કરેલ હોય તેવા ઉમેદવારોની યાદી, સરકારને મોકલવાની રહેશે.

૨૨. નિમણૂક અંગેનો કોઈ હક નહિ મળવા બાબત.- પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ નિમણૂક અંગેનો કોઈપણ હક મળશે નહિ અને સરકારને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે તે જગા પર નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, કોઈ ઉમેદવારની તે જગા પર નિમણૂક કરવામાં આવશે નહિ.

૨૩. તબીબી પરીક્ષણ.- પસંદ થયેલા ઉમેદવારે, સંબંધિત અનુસૂચિત જગાઓના સંબંધિત ભરતી નિયમો અનુસાર, તબીબી યોગ્યતા (કસોટી) પાસ કરવાની રહેશે અને/અથવા શારીરિક માપદંડો પરિપૂર્ણ કરવાના રહેશે:

પરંતુ ઉમેદવારે, વ્યક્તિત્વ કસોટીના દિવસે આયોગ દ્વારા યોજવામાં આવતી નશાબંધી અને આબકારી અધીક્ષક તેમજ નાયબ પોલીસ અધીક્ષકની જગાઓ માટે શારીરિક ધોરણ કસોટીમાં ઉપસ્થિત રહેવું પડશે. સદરહુ જગાના ભરતી નિયમોમાં જણાવ્યા મુજબના શારીરિક માપદંડ પરિપૂર્ણ કરતા ન હોય તેવા ઉમેદવારો, આવી જગા માટે વિચારણામાં લેવામાં આવશે નહિ અને તદનુસાર આવો ઉમેદવાર, આવી જગાને અગ્રતાક્રમ આપવા માટે હકદાર ગણાશે નહિ.

૨૪. શિસ્તવિષયક પગલાં.- આયોગે જે ઉમેદવારને,-

(૧) કોઈપણ સાધનો દ્વારા પોતાની ઉમેદવારી માટે ટેકો મેળવવા માટે;

(૨) ખોટું વ્યક્તિત્વ ધારણ કરવા માટે;

(૩) કોઈ વ્યક્તિને ખોટું વ્યક્તિત્વ ધારણ કરાવવા માટે;

(૪) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા માટે;

(૫) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે;

(૬) પરીક્ષા માટેની પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઈ નિયમ વિરુદ્ધના (અનિયમિત) અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે;

(૭) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે;

(૮) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે;

(૯) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે;

(૧૦) પરીક્ષાના સંચાલન માટે આયોગે કામે રાખેલ કર્મચારીવર્ગ (સ્ટાફ)ને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે;

(૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, તેમાં મદદગારી કરવા માટે; અથવા

(૧૨) પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની ઉમેદવારોને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્ર સાથે તેમને આપેલ કોઈપણ સૂચના પૈકીની કોઈ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તેના ઉપર ફોજદારી કાર્યવાહી ચલાવવા ઉપરાંત, તે-

(ક) આયોગ દ્વારા, તે જે પરીક્ષામાં ઉમેદવાર હોય તે પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવાને: અથવા

(ખ) (૧) આયોગે યોજવાની થતી સીધી પસંદગી માટેની કોઈ પરીક્ષામાં અથવા રૂબરૂ મુલાકાત (કસોટી) (ઈન્ટરવ્યૂ)માં ઉપસ્થિત રહેવામાંથી; અથવા

(૨) રાજ્ય સરકાર દ્વારા તેની હેઠળના કોઈ રોજગારમાંથી, કાયમી ધોરણે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત થવાને પાત્ર થશે:

પરંતુ તે અર્થે પોતે રજૂઆત કરવા ઇચ્છે, તો ઉમેદવારને લેખિતમાં એવી રજૂઆત કરવાની તક આપવામાં આવે તે સિવાય, ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ કોઇ શિક્ષા કરી શકાશે નહિ.

(ગ) જો તે અગાઉથી સરકારી સેવામાં હોય, તો યોગ્ય નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

૨૫. અપવાદ.– આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ નિયમોના આરંભ પહેલાં અગાઉના નિયમો હેઠળ શરૂ કરવામાં આવેલ કોઇપણ કાર્યવાહી, પૂરી ન થાય ત્યાં સુધી તે (કાર્યવાહી) કાયદેસર ગણાશે.

અનુસૂચિ ૧

(જુઓ નિયમ ૨(છ))

વર્ગ ૧ની જગાઓ:

૧. ગુજરાત વહીવટી સેવાઓ હેઠળની જગાઓ.

૨. સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રાર.

૩. નશાબંધી અને આબકારી અધીક્ષક.

૪. નાયબ પોલીસ અધીક્ષક.

૫. મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસ.

૬. મદદનીશ રાજ્ય વેરા કમિશનર.

૭. નાયબ નિયામક, વિકસતી જાતિઓનું કલ્યાણ.

૮. નાયબ નિયામક, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ.

વર્ગ ૨ની જગાઓ:

૧. મામલતદાર.

૨. તાલુકા વિકાસ અધિકારી અથવા ઘટક (બ્લોક) વિકાસ અધિકારી.

૩. સરકારી શ્રમ અધિકારી.

૪. જિલ્લા જમીન દફતર નિરીક્ષક.

૫. નશાબંધી અને આબકારીના અધીક્ષક.

૬. સહકારી મંડળીઓના મદદનીશ રજિસ્ટ્રાર.

૭. સચિવાલયના વિભાગો અને સંલગ્ન કચેરીઓના સેક્શન અધિકારી.

૮. નાગરિક પુરવઠાના મદદનીશ નિયામક.

૯. સમાજ કલ્યાણ અધિકારી- વિકસતી જાતિ કલ્યાણ નિયામકની કચેરી.

૧૦. સમાજ કલ્યાણ અધિકારી-અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકની કચેરી.

૧૧. રાજ્ય વેરા અધિકારી.

૧૨. મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર)

૧૩. નોંધણી નિરીક્ષક.

૧૪. મદદનીશ નોંધણી મહાનિરીક્ષક (આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન).

૧૫. સહાયક માહિતી નિયામક (વહીવટી).

૧૬. જિલ્લા યુવા વિકાસ અધિકારી.

અનુસૂચિ ૨

(જુઓ નિયમ ૪)

વિભાગ ૧

પરીક્ષાની રૂપરેખા

પરીક્ષા બે ક્રમિક તબક્કામાં લેવામાં આવશે:

(ક) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી કરવા માટેની પ્રારંભિક પરીક્ષા (હેતુલક્ષી પ્રકારની); અને

(ખ) અનુસૂચિત જગાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવા માટેની મુખ્ય પરીક્ષા (લેખિત અને પર્સનાલિટી ટેસ્ટ(વ્યક્તિત્વ કસોટી)).

(ક) પ્રારંભિક પરીક્ષા:-

પ્રારંભિક પરીક્ષામાં આ અનુસૂચિના વિભાગ ૨માં દર્શાવ્યા પ્રમાણે, હેતુલક્ષી પ્રકારનું (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળું) પ્રશ્નપત્ર રહેશે અને તે કુલ મહત્તમ ૨૦૦ ગુણનું રહેશે. આ પરીક્ષા માત્ર ચકાસણી કસોટી પ્રકારની રહેશે. મુખ્ય પરીક્ષામાં બેસવા માટે હંગામી ધોરણે લાયક જાહેર કરવામાં આવે તેવા ઉમેદવારોએ, પ્રારંભિક પરીક્ષામાં મેળવેલા ગુણ તેમનો આખરી ગુણવત્તા ક્રમ નકકી કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ. મુખ્ય પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા, એવી રીતે જાહેરાતમાં આપવામાં આવેલી અપેક્ષિત કુલ ખાલી જગાઓની સંખ્યાની આશરે પંદરગણી રહેશે. આયોગ દ્વારા પ્રારંભિક પરીક્ષામાં લાયક જાહેર કરવામાં આવેલ ઉમેદવાર જ, તે અન્યથા મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક છે તે શરતને અધીન રહીને, મુખ્ય પરીક્ષામાં હંગામી ધોરણે બેસવા દેવામાં આવશે.

(ખ) મુખ્ય પરીક્ષા:-

મુખ્ય પરીક્ષામાં આ અનુસૂચિના વિભાગ ૩માં દર્શાવ્યા પ્રમાણે લેખિત પરીક્ષા અને વિભાગ ૪માં દર્શાવ્યા પ્રમાણે વ્યક્તિત્વ કસોટીનો સમાવેશ થશે.

લેખિત પરીક્ષામાં વિભાગ ૩માં દર્શાવ્યા પ્રમાણે વિષયોમાં વર્ણનાત્મક પ્રકારના સાત પ્રશ્નપત્ર રહેશે, જેમાંથી ગુજરાતી ભાષા અને અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રો પાત્રતા પ્રકારના રહેશે. પેપર ૩ થી પેપર ૭ (દરેક પેપરના ૨૫૦ ગુણ) માટે મેળવેલા ગુણ (કુલ ૧૨૫૦ ગુણ), ગુણવત્તા (મેરિટ) માટે ગણતરીમાં લેવામાં આવશે. પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી) કોઈ લઘુત્તમ પાત્રતા ગુણ સિવાય ૧૫૦ ગુણની રહેશે. પેપર ૩ થી ૭ માં મેળવેલા ગુણ અને વ્યક્તિત્વ કસોટીમાં મેળવેલા ગુણ (કુલ ૧૪૦૦ ગુણ) રેન્કિંગ(ગુણવત્તા ક્રમ) માટે ગણતરીમાં લેવામાં આવશે.

આયોગ મુખ્ય પરીક્ષાના લેખિત ભાગમાં આયોગ નક્કી કરે તેટલા લઘુત્તમ પાત્રતા ગુણ મેળવનારા ઉમેદવારો પાસેથી દસ્તાવેજ ચકાસણી માટે લાયક ઉમેદવારોની યાદી તૈયાર કરશે. આ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોની સંખ્યા આયોગ દ્વારા નક્કી

કરવામાં આવશે. દસ્તાવેજ ચકાસણી પછી, લાયક ઉમેદવારને પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી) માટે બોલાવવામાં આવશે. વ્યક્તિત્વ કસોટી માટે બોલાવવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા, એવી રીતે જાહેરાતમાં આપવામાં આવેલી ખાલી જગાઓની સંખ્યાની આશરે ત્રણ ગણી રહેશે.

વિભાગ ૨

પ્રારંભિક પરીક્ષાની પદ્ધતિ (સ્કીમ) અને તેના વિષયો

પ્રારંભિક પરીક્ષામાં નીચે પ્રમાણે કુલ-૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે:-

પ્રશ્નપત્ર	પરીક્ષાનો પ્રકાર	વિષય	ગુણ	સમય
૧	હેતુલક્ષી	સામાન્ય અભ્યાસ	૨૦૦	૩ કલાક

નોંધ:

૧. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૨. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્ર માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ, સ્નાતક કક્ષાના રહેશે.

૩. પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનું (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળું) રહેશે.

૪. બેન્ચમાર્ક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો કે જેઓ સ્ક્રાઇબ(લહિયો) રાખવા માટે લાયક (પાત્ર) છે, તેમને દરેક પેપર માટે ફક્ત વીસ મિનિટ પ્રતિ કલાક વધારાનો સમયનો લાભ લેવાની મંજૂરી આપવામાં આવશે.

વિભાગ ૩

મુખ્ય પરીક્ષા માટેની પદ્ધતિ (સ્કીમ) અને તેના વિષયો

મુખ્ય પરીક્ષાની પદ્ધતિ અને વિષયોમાં નીચેના પ્રશ્નપત્રોનો સમાવેશ થશે:

પ્રશ્નપત્ર ક્રમાંક	પરીક્ષાનો પ્રકાર	વિષય	ગુણ		સમયગાળો
૧	તમામ પ્રશ્નપત્રો વર્ણનાત્મક (રૂઢિગત પ્રકારના) છે.	ગુજરાતી ભાષા	૩૦૦	દરેક પેપરમાં (ઓછામાં ઓછા ૨૫% ગુણ સાથેના) જ ફક્ત લાયક(પાત્ર)	૩ કલાક
૨		અંગ્રેજી ભાષા	૩૦૦		૩ કલાક
૩		નિબંધ	૨૫૦		૩ કલાક
૪		સામાન્ય અભ્યાસ-૧	૨૫૦		૩ કલાક
૫		સામાન્ય અભ્યાસ-૨	૨૫૦		૩ કલાક
૬		સામાન્ય અભ્યાસ-૩	૨૫૦		૩ કલાક
૭		સામાન્ય અભ્યાસ-૪	૨૫૦		૩ કલાક
		કુલ ગુણ (પ્રશ્નપત્ર ૩ થી ૭)	૧૨૫૦		

નોંધ:

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચતર સ્તર)ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર)ને સમકક્ષ રહેશે.

૩. પ્રશ્નપત્ર-૧ (ગુજરાતી ભાષા) અને પેપર-૨ (અંગ્રેજી ભાષા) માટે લઘુત્તમ લાયકી ધોરણ દરેક પ્રશ્નપત્રને ફાળવવામાં આવેલા કુલ ગુણના ૨૫ ટકા રહેશે. જે ઉમેદવારો પ્રશ્નપત્ર-૧ (ગુજરાતી ભાષા) અથવા પ્રશ્નપત્ર-૨ (અંગ્રેજી ભાષા)માં લઘુત્તમ લાયકી ધોરણ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જશે, તેઓ વધુ પસંદગી માટે પાત્ર થશે નહિ.

૪. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ, સ્નાતક કક્ષાના રહેશે.

૫. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૬. મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રો, રૂઢિગત પ્રકારના (વર્ણનાત્મક) રહેશે.

૭. બેન્ચમાર્ક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો કે જેઓ સ્ક્રાઇબ(લહિયો) રાખવા માટે લાયક(પાત્ર) છે, તેમને દરેક પેપર માટે ફક્ત વીસ મિનિટ પ્રતિ કલાક વધારાના સમયનો લાભ લેવાની મંજૂરી આપવામાં આવશે.

વિભાગ ૪

પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી)-૧૫૦ ગુણ

પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી)માં કોઈપણ લઘુત્તમ લાયકી ગુણ વિના ૧૫૦ ગુણ રહેશે. મુખ્ય પરીક્ષા (લેખિત) અને પર્સનાલિટી ટેસ્ટ (વ્યક્તિત્વ કસોટી)માં ઉમેદવારે મેળવેલા કુલ ગુણથી તેમનો આખરી ગુણવત્તા ક્રમ નક્કી થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. કે. ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.06.27 22:09:41 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar